Letter No: TDD/0358/05/2023 Dt: 20-05-2023

સત્યમેવ જયતે

**બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપળા, જિ.નર્મદા માટે મંજૂર થયેલ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક મહેકમની હંગામી જગ્યાઓને ચાલુ રાખવા બાબત.**

**ગુજરાત સરકાર,**

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: **TDD/MSM/e-file/25/2022/0019/G Section**

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:**

**(૧)** આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૬/૦૩/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક- બમચ/૨૦૨૦૧૮/૩૫૦/ગ

**(૨)** આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૩/૦૫/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક- બમચ/૨૦૨૦૨૧/ન.બા.-૧૦/ગ

**(3)** કા.કુલ સચિવશ્રી, બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપળાનો તા.૨૭/૦૩/૨૦૨૩નો પત્ર ક્રમાંક: ટ્રાય.યુનિ./નર્મદા/ફા.નં.૧૦૮/૧૧૮૫ થી ૧૧૮૮/૨૦૨૩

**ઠરાવ:**

ઉપર્યુકત વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામેના ઠરાવથી બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપળા, જિ.નર્મદાની શૈક્ષણિક-બિનશૈક્ષણિક મહેકમની ભરાયેલ કુલ-૦૫ જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી.

ઉપરોકત વંચાણે લીધેલ ક્રમાંક (૨) સામેના ઠરાવથી કુલ-૧૮ જગ્યાઓના મહેકમની નવી બાબતને વહીવટી મંજુરી આપેલ છે.

ઉપરોકત વંચાણે લીધેલ ક્રમાંક (3) સામેના કા.કુલ સચિવશ્રી, બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપળાના પત્રથી કુલ-૨૩ જગ્યાઓના મહેકમને આગામી તા.૨૯/૦૨/૨૦૨૪ સુધી ચાલુ રાખવા સરકારને દરખાસ્ત કરવામાં આવેલ, જે વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાના અંતે નીચે કોષ્ટકમાં દર્શાવેલ બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપળા, જિ.નર્મદાના મહેકમમાં ઉપર્યુકત ભરાયેલ કુલ-૨૩ જગ્યાઓને તા.૨૯/૦૨/૨૦૨૪ સુધી ચાલુ રાખવાની નીચેની શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે

| ક્રમ | સંવર્ગનું નામ | પગાર ધોરણ | જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | કુલપતિ | રૂ.૭૫,૦૦૦/- (ફીક્સ પગાર) + રૂ. ૫,૦૦૦ (ખાસ ભથ્થુ) | ૧ |
| ૨ | નાયબ કુલસચિવ | રૂ.૧૫૬૦૦ - ૩૯૧૦૦ ગ્રેડ પે – ૬૬૦૦ | ૧ |
| ૩ | આસી.સિસ્ટમ મેનેજર | રૂ.૯૩૦૦ – ૩૪૮૦૦ ગ્રેડ પે – ૪૨૦૦ ફિક્સ પે – રૂ.૩૧,૩૪૦/- | ૧ |
| ૪ | આસી.વોર્ડન (બોયઝ) | રૂ.૫૨૦૦ – ૨૦૨૦૦ ગ્રેડ પે – ૨૪૦૦<br>ફિક્સ પે – રૂ.૧૯,૯૫૦/- | ૧ |
| ૫ | આસી.વોર્ડન (ગર્લ્સ) | રૂ.૫૨૦૦ – ૨૦૨૦૦ ગ્રેડ પે – ૨૪૦૦<br>ફિક્સ પે – રૂ.૧૯,૯૫૦/- | ૧ |
| ૬ | પ્રોફેસર | રૂ.૩૭,૪૦૦-૬૭,૦૦૦ ગ્રેડ પે રૂ.૧૦,૦૦૦ | ૧ |
| ૭ | એસોસિએટ પ્રોફેસર | રૂ.૩૭,૪૦૦-૬૭,૦૦૦ ગ્રેડ પે ૯,૦૦૦ | ૩ |
| ૮ | આસીસ્ટન્ટ. પ્રોફેસર | ૧૫,૬૦૦-૩૯,૧૦૦ ગ્રેડ પે ૬૦૦૦ | ૬ |
| ૯ | લાયબ્રેરિયન | ૧૫,૬૦૦-૩૯,૧૦૦ ગ્રેડ પે ૬૦૦૦ | ૧ |
| ૧૦ | કન્ટ્રોલર ઓફ એક્ઝામિનેશન | ૧૫,૬૦૦-૩૯,૧૦૦ ગ્રેડ પે ૬૬૦૦ | ૧ |
| ૧૧ | કાયદા અધિકારી | રૂ.૯,૩૦૦-૩૪,૮૦૦ ગ્રેડ પે ૪,૬૦૦ | ૧ |
| ૧૨ | કેશિયર કમ સેકશન ઓફિસર | રૂ.૯,૩૦૦-૩૪,૮૦૦ ગ્રેડ પે ૪,૬૦૦ | ૧ |
| | | ૫,૨૦૦-૨૦,૨૦૦ ગ્રેડ પે ૨૪૦૦ | |

Signature Not Verified
Signed by:J D Damor
Section Officer
Date: 2023.05.20
12:13:07 +05:30

File No: TDD/MSM/e-file/25/2022/0019/G Section
Approved By: D L Parmar(JS,G Section,TDD)

Open the document in Adobe Acrobat DC to verify the E-sign

| | | | |
|---|---|---|---|
| ૧૩ | હિસાબનીશ /સિનિયર કલાર્ક | ૫,૨૦૦-૨૦,૨૦૦ ગ્રેડ પે ૨૪૦૦ (ફિક્સ પે રૂ.૧૯,૯૫૦) | ૧ |
| ૧૪ | વર્કશોપ આસિસ્ટન્ટ | ૫,૨૦૦-૨૦,૨૦૦ ગ્રેડ પે ૨૪૦૦ (ફિક્સ પે રૂ.૧૯,૯૫૦) | ૧ |
| ૧૫ | જુનિયર કલાર્ક | ૫,૨૦૦-૨૦,૨૦૦ ગ્રેડ પે ૧૯૦૦ (ફિક્સ પે રૂ.૧૯,૯૫૦) | ૨ |
| | | કુલ | ૨૩ |

**શરતો:**

1. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
2. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરવી લેવાની રહેશે.
3. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
4. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.
5. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષને આખરે સરેન્ડર કરવાની રહેશે.
6. વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.
7. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી વિભાગની રહેશે.
8. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાંવિભાગનાતા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા. ૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે
9. એક વર્ષ કરતા વધુ સમયથી પરંતુ ત્રણ વર્ષ કરતા ઓછા સમયથી ખાલી હોય તેવી જગ્યાઓને એબેયન્સમાં મુકવાની રહેશે.
10. એબેયન્સમાં મૂકવામાં આવેલ જગ્યાને ભરતા પહેલા નાણા વિભાગ(કરકસર પ્રભાગ)નો પરામર્શ કરી એબેયન્સમુકત કરાવી લેવાની રહેશે.
11. ત્રણ વર્ષ કરતા વધુ સમયથી ખાલી હોય તેવી જગ્યાને રદ કરવાની રહેશે.
12. વર્ગ-૪ સંવર્ગની રેગ્યુલર પગાર ધોરણની જગ્યાઓ નિવૃતિ/રાજીનામું/મૃત્યુ જેવા કારણોસર ખાલી પડે તો આ જગ્યાઓ રદ કરવાની રહેશે. તેમજ સા.વ.વિ.ના તા. ૦૧/૦૪/૨૦૧૦ ના ઠરાવ મુજબ આઉટ્સોર્સથી ભરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાનાંકી ફાઈલ ઉપર નાણાવિભાગની તા.૧૫/૦૫/૨૦૨૩ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

**(જે. ડી. ડામોર)**
**સેકશન અધિકારી**
**આદિજાતિ વિકાસ વિભાગ**

**પ્રતિ,**

- માન.રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર દ્વારા)
- માન.મંત્રીશ્રી (આ.વિ), સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ), સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયમકશ્રી (આ.વિ), બિરસામુંડા ભવન, ગાંધીનગર
- કુલપતિશ્રી, બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપળા, જિ.નર્મદા તરફ જરૂરી કાર્યવાહી કરવા સારૂ.
- મહાલેખાકારશ્રી, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- મુકામી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, (આ.વિ.), બ્લોક નં.૧૪/૨, માળ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, છ-શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઈલ-૨૦૨૩